તાલુકો અસ્તિત્વમાં ન હોવા છતાં વાપી તાલુકા પ્રા. શિક્ષક સંઘની ચૂંટણીના જાહેરનામાથી ચર્ચા

ચૂંટણીની અધ્યક્ષ અને સહઅધ્યક્ષની જવાબદારી પણ શિક્ષકોને સોંપી દેવાતા વિવાદ સર્જાયો

। વાપી ।

વાપી તાલુકાનું હાલ અલગ તાલુકા તરીકે અસ્તિત્વ ન હોવા છતાં વાપી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતા શિક્ષણ જગતમાં ચર્ચા શરૂ થઈ છે. જાહેરનામા મુજબ આગામી તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સોમવારે પી.એમ. શ્રી ચલા મુખ્ય શાળા ખાતે મતદાનનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

આ ચૂંટણી માટે પી.એમ. શ્રી ચલા મુખ્ય શાળાના શિક્ષક ધર્મેશ અખ્ખુ પટેલને ચૂંટણી અધ્યક્ષ તથા કન્યા શાળાના શિક્ષક હાર્દિક સોનીને ચૂંટણીના સહઅધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાહેરનામામાં દર્શાવવામાં આવ્યું છે.

મુખ્ય સવાલ એ ઉઠી રહ્યો છે કે વાપી તાલુકો હાલ અસ્તિત્વમાં ન હોવા છતાં વાપી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી યોજવાની મંજૂરી કોની પાસેથી લેવામાં આવી છે? વાપી મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓની વહીવટી વ્યવસ્થા બદલાઈ છે ત્યારે તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની માન્યતા અને ચૂંટણી પ્રક્રિયા અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. વાપી તાલુકાના પુનર્ગઠન દરમિયાન નાનાપોંઢા વિસ્તારમાં આવતી શાળાઓનો સમાવેશ નાનાપોંઢા તાલુકામાં કરવામાં આવ્યો છે. જ્યારે વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવતી શાળાઓ મહાનગરપાલિકા વિસ્તારમાં આવે છે. તેમ છતાં હાલ આ શાળાઓનું સંચાલન જિલ્લા શિક્ષણ સમિતિ, વલસાડ દ્વારા કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળે છે. આ પરિસ્થિતિમાં વાપી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના નામે ચૂંટણી જાહેર કરવામાં આવતા મહાનગરપાલિકા વિસ્તારમાં ફરજ બજાવતા શિક્ષકોમાં વિવિધ ચર્ચાઓ થઈ રહી છે. જો સંઘની રચના અથવા ચૂંટણી માટે સત્તાવાર મંજૂરી જરૂરી હોય તો આ જાહેરનામું કઈ સત્તાના આદેશ અથવા મંજૂરીના આધારે બહાર પાડવામાં આવ્યું તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી બની છે. શિક્ષણ વિભાગ અથવા જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવે અને ચૂંટણી પ્રક્રિયાને મંજૂરી આપવામાં આવી છે કે નહીં તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી શિક્ષક વર્તુળોમાં માંગ ઉઠી રહી છે. સાથે જ જો નિયમો અને વહીવટી માળખા વિરુદ્ધ કોઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોય તો જવાબદાર વ્યક્તિઓ સામે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે કે નહીં, તે પણ જોવાનું રહેશે.

હાલમાં તા. ૩૧ ઓગસ્ટે યોજાનારી હોવાનું જણાવાતી આ ચૂંટણીને લઈને વાપી મહાનગરપાલિકા વિસ્તારના પ્રાથમિક શિક્ષકોમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. સમગ્ર મામલે સંબંધિત શિક્ષણ અધિકારીઓ દ્વારા સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવે તેવી અપેક્ષા છે.

વલસાડ રેલવે સ્ટેશન પાસેથી પીકઅપમાં બાઈકની ચોરી કરતા બે શખ્સ ઝડપાયા

પાંચ ગુનાનો ભેદ ઉકેલાયો, રૂપિયા ૧.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

। વલસાડ ।

વલસાડ રેલવે પોલીસે સ્ટેશન નજીક પાર્ક કરેલી બાઈકોને પીકઅપ ટેમ્પોમાં ભરી ચોરી કરવા આવેલા બે ચોરટાને ચોરીની બાઈકો સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ સાથે જ બાઈક ચોરીના કુલ ૫ ગુનાના ભેદ ઉકેલાયા હતા. વલસાડ રેલવે પોલીસે આ મુદ્દે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રેલવે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ વલસાડ રેલવે પોલીસને ઈસ્ટ રેલવે યાર્ડમાં પાણીની ટાંકી પાસે પીકઅપ લઈને બે ઈસમો ત્યાં પાર્ક કરાયેલી બાઈકોની ચોરી કરી રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જે બાતમી મળતા પોલીસે આ સ્થળે છાપો માર્યો હતો. તે સમયે પીકઅપ ચાલક દિનેશ પોપટભાઈ પ્રજાપતિ (હાલ રહે. પટેલ ફળિયા, કચીગામ તા. વલસાડ- મૂળ રહે. ભાવનગર) અને તેની સાથે નંદલાલ સતિષભાઈ ગુપ્તા (હાલ રહે. રોણવેલ, મૂળ રહે. ઉત્તર પ્રદેશ) આબાદ રીતે ઝડપાઈ ગયા હતા.

રેલવે પોલીસે પીકઅપ (નંબર જીજે ૦૫ બીયુ ૩૫૨૭) અને પીકઅપમાં બાઈક (નંબર જીજે એચએચ ૧૪૦૨, જીજે ૧૫ એએમ ૭૫૯૦, જીજે ૧૫ ઈઈ ૭૬૭૩, જીજે ૨૧ એન ૫૦૮૯ અને જીજે ૧૫ એમએમ ૧૫૬૭) મળી કુલ રૂ. ૧,૮૦,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ બંને ચોરટાની ધરપકડ કરી હતી. બાઈક ચોરો ઝડપાઈ જતા રેલવે પોલીસ મથકના ત્રણ અને ધરમપુર પોલીસ મથકમાં બાઈક ચોરીના ૨ મળી કુલ પાંચ ગુનાનો ભેદ ઉકેલાયો છે.

પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪, ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

વાદી :- શ્રી બિલકીશબાનુ મોહંમદઈકબાલ શેખ
રહે.- ૧૯૯૬, તાઈવાડ, ચીખલી, જિ.નવસારી
વિરુધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ચીખલી, તા.ચીખલી, જીલ્લો.નવસારી

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૫૧/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી,
જી.નવસારી, તા. As per E-Sign

જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીશ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બિલકીશબાનુ ઈબ્રાહિમભાઈ તાઈ**, રહે.- ૧૯૯૬, તાઈવાડ, ચીખલી, જિ.નવસારીનાઓએ તેઓનો પોતાનો જન્મ તા.૨૬/૦૪/૧૯૭૬ ના રોજ મોજે.-ચીખલી, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

E-sign
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

વિશ્વ આદિવાસી દિને નજીવી બાબતે થયેલી મારામારી

દાનહના લુહારીમાં મારામારી કેસમાં તા. પં. સભ્ય સહિત પાંચની ધરપકડ

કાર્યક્રમના આયોજન મુદ્દે સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું હતું

। વાપી ।

દાદરા નગર હવેલીના ખરડપાડા ગ્રામ પંચાયત અંતર્ગત આવેલા લુહારી ગામમાં ગત ૯ ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસના રોજ એક સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. આ કિસ્સામાં લુહારી ગામના પરેશપાડાના રહેવાસી દેવજી રામુ રડિયાએ એસ.પી.ને અને ખરડપાડા પોલીસ મથકે ફરિયાદ કરી હતી. જેમાં ગુનામાં સંડોવાયેલા પાંચ આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી.

પ્રાપ્ત માહિતી મુજબ લુહારી ગામના રહીશ અને ખરડપાડા ગ્રામ પંચાયતના સરપંચ શિવા કુરાડા અને તેમના ભાઈ દીપક કુરાડા દ્વારા વિશ્વ આદિવાસી દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન બાબતે ફરિયાદી દેવજી રામુ રડિયાએ ગ્રામ પંચાયતના સભ્ય સંજય મંજી ડાવરિયાને પૂછ્યું કે, આ પ્રકારના કાર્યક્રમની તેમને અગાઉ કેમ જાણ કરવામાં આવી નથી? આવી સામાન્ય બાબત પર બોલાચાલી વધી જતાં મામલો બિચક્યો હતો અને લુહારી ચોકીપાડાના રહીશોએ ભેગા મળી દેવજી રડિયા તેમજ તેની પત્નીને માર માર્યા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં તેઓને મૂઢ માર વાગ્યો હતો. ત્યારબાદ ફરિયાદીના ઘરે જઈને તમામ આરોપીઓએ કોઈ કાનૂની કાર્યવાહી કરશો તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટના બાદ, ૧૦ ઓગસ્ટના રોજ ભોગ બનનાર દ્વારા સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ સમક્ષ રૂબરૂ વિગતવાર લેખિત ફરિયાદ રજૂ કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશનમાં હાજર કરાયેલ મુખ્ય આરોપીઓમાં સંજય મંજી ડાવરિયા (ખરડપાડા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૫/૮ ના સભ્ય), નરેશ રમેશ ખરપડિયા, નિલેશ લાહનુ નાયક, અનિલ નથલા નાયક, ઈશ્વર મહિયા પાગીનો સમાવેશ થાય છે. આ સમગ્ર મારામારીની ઘટના ખરડપાડા ગ્રામ પંચાયત સરપંચના નિવાસસ્થાનના મુખ્ય ગેટની આગળ જ ઘટી હોવાથી સ્થાનિક ગ્રામજનોમાં ભારે આશ્ચર્ય ફેલાયું હતું. હાલ પોલીસે મારામારીનો ગુનો નોંધી, કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

સંજાણમાં જ્વેલર્સની દુકાનમાં ચોરી કરવા ઘૂસેલા ચોરોને લોકોએ પકડ્યો

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સંજાણમાં મંગળવારે બી જે જ્વેલર્સ નામની દુકાનની સામે રહેતા એક પરિવારે રાત્રિના સમયે બે શખ્સોને જ્વેલર્સની દુકાનમાં પ્રવેશતા જોઈ લીધા હતા. પરિવારજનોએ આજુબાજુના લોકોને જાણ કરતાં લોકો ભેગા થઈ ગયા હતા. લોકોએ કોઈ હંગામો કર્યા વિના સમજદારીપૂર્વક દુકાનનું શટર બહારથી બંધ કરી દીધું હતું, જેથી બંને શખ્સો દુકાનની અંદર જ ફસાઈ ગયા હતા. પોતે દુકાનમાં ફસાઈ ગયા હોવાનું જણાતાં અને બહાર મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હોવાથી ગભરાયેલા બંને શખ્સોએ મોબાઈલ ફોન પરથી લોકરક્ષક ટીમ ૧૧૨ને કોલ કરી પોલીસ પાસે મદદની ગુહાર લગાવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ ની ટીમ સહિત ૧૧૨ની ટીમ ઘટનાસ્થળે પહોંચી બંનેને બહાર કાઢી પોલીસ મથકે લઈ જઈ પૂછપરછ હાથ ધરી હતી જેમાં પકડાયેલા બંને આરોપીઓની ઓળખ દિનેશ ઉર્ફે રૂદ્રશંકર ઉર્ફે સંતોષ છોટેલાલ જગદીશ સોનકર (ઉં.૩૨.હાલ રહે બોઈસર, મહારાષ્ટ્ર, મૂળ રહે ઉત્તર પ્રદેશ) તથા વિપીન ઉર્ફે ગૌરવ હૃદય નારાયણ રાજરામ પાઠક (ઉં.૨૭.હાલ રહે નાલાસોપારા મહારાષ્ટ્ર, મૂળ રહે ઉત્તર પ્રદેશ) તરીકે કરી છે.

પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં ૦૨૬૩૪-૨૩૩૫૪૪ • E-Mail : pochikhli2011@gmail.com

વાદીઃ શ્રી યુસુફભાઈ ગુલામભાઈ માકડા,
રહે.- ચાસા, માકડા ફળિયા, તા.ચીખલી, જિ.નવસારી
વિરુદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ચાસા, તા.ચીખલી, જીલ્લો.નવસારી

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં. ૪૩૬/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ચીખલી કચેરી,
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી,
જિ. નવસારી, તા. As Per E-sign

જન્મ મરણ અધિનિયમ -૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીશ

આથી, લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી યુસુફભાઈ ગુલામભાઈ માકડા, રહે.- ચાસા, માકડા ફળિયા, તા.ચીખલી, જિ.નવસારીનાઓએ તેઓનો પોતાનો જન્મ તા.૦૨/૧૧/૧૯૭૭ ના રોજ મોજે.-ચાસા તા.ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી. નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

E-sign **(મિતેશ પટેલ)**
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી

PUBLIC NOTICE

Notice is hereby given that Laxmi Trading Company represented through its Proprietor Laxmi Jitesh Gupta had decided to purchase the property being Industrial Plot No. 6139/3 admeasuring about 2067.00 Sq. Mtrs., alongwith construction thereon admeasuring about 1208.00 Sq. Mtrs. Built up area, in the Vapi Notified Industrial Area, consisting of Revenue Survey No. 382/P, within the village limits of Dungra, Tal. Vapi, Dist. - Valsad, Gujarat State from M/s. Shivay Industries, A Partnership Firm and The purchaser has proposed to avail financial assistance/loan facility from ICICI Bank Ltd., Vapi Branch in respect of the said transaction and owner have informed us that, the following Chain documents as described in schedule has been lost and that never ever it was used as security for obtaining any financial assistant by him or any one else. Any person or persons, society, institution, group, trust, financial institute, banks etc. Owing any rights of ownership or possession or lien or claim of whatsoever nature in respect thereof are hereby informed to raise any such rights or claims, all within a period of 15 (Fifteen) Days from the date of publication of this notice personally before the undersigning along with all documentary proof in original, upon expiry of which, no rights or claim of whatsoever nature shall be entertained.

SCHEDULE OF LOST DOCUMENTS

1. Original Registered Duplicate Lease Deed bearing Serial No. 1358/2004 dated 29/03/2004 with R.R. Receipt.
2. Original Final Transfer Order No. 3237 dated 13/06/2000.
3. Original Supplementary agreement dated 13/06/2000.
4. Original Corrigendum Order No. 10198 dated 19/11/1998.
5. Original Possession Receipt No. 1668 dated 01/09/1993.
6. Original Agreement dated 30/08/1993.
7. Original Allotment Order No. 7492 dated 21/08/1993.

405, Capital Business Centre (CBC)
Station Char Rasta, Vapi, Tal, Vapi & Dist Valsad
Mb. No. 9825142498

HITESH S. DESAI
ADVOCATE

વાપીના નામધામાં આંબાવાડીમાં ફાંસો ખાધેલી હાલતમાં યુવકની લાશ મળી

વાપી : વાપીના નામધા ગામમાં કાંઠા ફળિયું ખાતે આવેલી વિરેન્દ્ર જયકુમાર જૈનની વાડીમાં તા. ૦૪-૦૮-૨૦૨૬ના રોજ એક અજાણ્યા ૨૦થી ૨૫ વર્ષીય યુવકની આંબાના ઝાડની ડાળી સાથે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. જેની જાણ વાપી પોલીસને કરાતા સ્થળ પર આવી મૃતકના વાલી વારસોની શોધખોળ આદરી હતી, પરંતુ કોઈ ભાળ મળી ન હતી. અજાણ્યા મૃતક યુવકના શરીરે મરૂન કલરની કાળી લાઈનિંગવાળું આખી બાંયનું શર્ટ અને કાળા કલરનો કાર્ગો પેન્ટ પહેર્યો હતો. જમણા હાથમાં સિલ્વર કલરનું ધાતુનું કડું પહેર્યુ હતું. હાથ પર બે સ્વસ્તિકની વચ્ચે હિન્દીમાં માં લખેલુ છે અને અંગ્રેજીમાં એસ.પી.પી.નું છૂંદણું દોરેલું છે. યુવક શરીરે ઘઉંવર્ણ, પાતળો બાંધો અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઊંચાઈ ધરાવે છે. જે કોઈને પણ આ અજાણ્યા યુવકના વાલી વારસોની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

બેંક ઑફ़ बड़ौदा Bank of Baroda

રીઝનલ ઓફિસ બેંક ઓફ બરોડા મહાલક્ષ્મી ટાવર,
૧લો માળ, તિથલ રોડ, વલસાડ.
ઈ-મેલ : recovery.bulsar@bankofbaroda.com

હરાજી વેચાણ નોટિસ ગોલ્ડ લોન માટે

નોટિસ

નીચે જણાવેલ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે તેઓ લોન ખાતાઓમાં જવાબદારી ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે. રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા તેમને મોકલવામાં આવેલી નોટિસ ગ્રાહકને વિતરિત કર્યા વિના પરત કરવામાં આવી છે. તેથી તેઓને જવાબદારી અને અન્ય ચાર્જીસ ચૂકવવા અને **૨૨/૦૯/૨૦૨૬** ના રોજ અથવા તે પહેલાં ગીરવે મૂકેલી જામીનગીરીઓને રિડીમ કરવા વિનંતી કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર ઉપરોક્ત જામીનગીરીઓ બેંક દ્વારા જાહેર હરાજીમાં બેંકના પરિસરમાં **૨૩/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે** અથવા ત્યારબાદની અન્ય કોઈ અનુકૂળ તારીખે દ્વારા વધુ નોટિસ આપ્યા વિના વેચવામાં આવશે.

અ. નં.	શાખાનું નામ	લોનની તારીખ	લોન નંબર	દેવાદાર નું નામ અને સરનામું
૧	બુલસાર મુખ્ય, ગુજરાત ૯૬૮૭૬ ૮૦૭૧૩	૦૩-૦૪-૨૦૨૩	૦૨૩૩૦૬૦૦૦૦૬૮૨૯	પૂર્વીબેન મેહુલભાઈ દેસાઈ દેસાઈ ફળિયા, ગુજરાત શાળા પાસે, વલસાડ ૩૯૬૦૦૧
૨	આહવા, ગુજરાત ૮૨૧૯૮ ૬૭૧૨૦	૨૬-૦૩-૨૦૨૫	૦૨૮૮૦૬૦૦૦૦૭૪૧૦	સિંગ સિત્વંતીદેવી વિજયબહાદુરસિંગ પટેલપાડા, તા. આહવા, જી. ડાંગ ૩૯૪૭૧૦
૩		૨૧-૧૧-૨૦૨૫	૦૨૮૮૦૬૦૦૦૦૭૬૯૬	મનહરસિંહ ખુશાલસિંગ રાઠોડ રાઠોડ ખુશાલસિંગ ધનસિંગ ના પુત્ર, આંબાપાડા આહવા તલાવ નજીક આહવા ધ ડાંગ્સ ૩૯૪૭૧૦
૪		૧૮-૧૨-૨૦૨૫	૦૨૮૮૦૬૦૦૦૦૭૭૩૪	મનહરસિંહ ખુશાલસિંગ રાઠોડ રાઠોડ ખુશાલસિંગ ધનસિંગ ના પુત્ર, આંબાપાડા આહવા તલાવ નજીક આહવા ધ ડાંગ્સ ૩૯૪૭૧૦
૫		૦૩-૦૬-૨૦૨૫	૦૨૮૮૦૬૦૦૦૦૭૪૮૨	ભૂપેન્દ્રભાઈ શિવરામભાઈ ગાંગુર્ડે અમસરવાલણ પો. ભવનડગઢ તા. આહવા જિલ્લા ડાંગ ૩૯૪૭૧૦
૬		૦૯-૦૨-૨૦૨૬	૦૨૮૮૦૬૦૦૦૦૭૮૧૬	રોહિતકુમાર અશોકભાઈ મોરે સરલાર બજાર, આહવા પાસે, ડાંગ ૩૯૪૭૧૦
૭	પારનેરા, ગુજરાત ૯૬૮૭૬ ૮૦૭૫૭	૩૧-૦૮-૨૦૨૪	૧૧૬૬૦૬૦૦૦૧૨૨૮૧	વિનોદકુમાર હરિરામ વોર્ડ નં. ૧૪ બાપા સીતારામ ચાલ વાવ ફળિયું એબીઆર વલસાડ વલસાડ ગુજરાત ૩૯૬૦૦૧
૮	તિથલ રોડ, બુલસર, ગુજરાત ૯૬૮૭૬ ૮૬૭૭૦	૦૫-૦૨-૨૦૨૫	૧૭૪૧૦૬૦૦૦૦૫૨૪૭	દિલીપ એમ. કનેરીયા એ/૮૦૨ અમરધામ એપાર્ટમેન્ટ તિથલ રોડ વલસાડ જીલ્લા વલસાડ ૩૯૬૦૦૧
૯		૦૫-૦૨-૨૦૨૫	૧૭૪૧૦૬૦૦૦૦૫૨૪૬	દિલીપ એમ. કનેરીયા એ/૮૦૨ અમરધામ એપીટી તિથલ રોડ વલસાડ જીલ્લા બુલસર ૩૯૬૦૦૧
૧૦	વાંકલ, જીજે ૮૧૪૦૫ ૩૩૯૧૦	૨૩-૦૪-૨૦૨૫	૫૭૬૦૦૬૦૦૦૦૨૫૭૧	રાકેશભાઈ વજીરભાઈ પટેલ લવકર સ્ટ્રીટ વાંકલ જી. વલસાડ ૩૯૬૦૦૧

તારીખ : ૨૦.૦૮.૨૦૨૬, સ્થળ : વલસાડ

નોંધ : વિવાદની સ્થિતિમાં આ નોટિસનું અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

રીઝનલ ઓફિસ બેંક ઓફ બરોડા

ઉમરસાડીના દેસાઈવાડમાં કારમાં સંતાડેલો ૪.૧૮ લાખથી વધુનો દારૂ ઝડપાયો

વાપીઃ પારડી પોલીસ દ્વારા પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ઉમરસાડી ગામના દેસાઈવાડ વિસ્તારમાંથી હુન્ડાઈ વેન્યુ કારમાં ચોરીછૂપીથી લઈ જવાતો રૂ.૪.૧૮ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે દારૂ ભરેલી વેન્યુ કાર સહિત કુલ રૂ.૯.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે, જ્યારે કારચાલક પોલીસની નાકાબંધી જોઈ કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. પારડી પોલીસ દ્વારા દારૂની હેરાફેરી કરતા તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. પારડી પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પ્રોહિબિશન ગુનાઓ અંગે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ મનેગભાઈ રમણભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉમરસાડી ગામના દેસાઈવાડ ખાતે જલારામ મંદિર નજીક રોડ પર નાકાબંધી ગોઠવવામાં આવી હતી.

દરમિયાન સફેદ કલરની હુન્ડાઈ કંપનીની વેન્યુ કાર નંબર જીજે-૦૮-એફએ -૦૮૩૧ ત્યાંથી પસાર થઈ હતી. પોલીસે તેને રોકવાનો પ્રયાસ કરતાં કારચાલક પોલીસની નાકાબંધી જોઈ કાર સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પોલીસે કારની તલાશી લેતાં કારની વચ્ચેની સીટના ભાગે, ડ્રાઈવર તથા ક્લીનર સીટની નીચે તેમજ ડીકીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી.પોલીસે ૧૭ પેટી તથા છૂટી બોટલો/બીયર ટીન મળી કુલ ૯૧૨ નંગ, જેમાં કુલ ૨૮૪.૯૪ લિટર વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. જેની કુલ કિંમત રૂ.૪,૧૮,૮૦૦ હોવાનું પોલીસે જણાવ્યું છે. આ ઉપરાંત રૂ.૫ લાખની હુન્ડાઈ વેન્યુ કાર પણ કબજે કરવામાં આવી છે. આમ, પોલીસે કુલ રૂ.૯,૧૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજેઃ કુંભાર ફળીયા, તાલુકોઃ નવસારી, જીલ્લોઃ નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

ગામનું નામ	બ્લોક નંબર (નવો)	બ્લોક નંબર (જુનો)	હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
કુંભારફળીયા	૭૨૬	૧૭૬	૦-૧૭-૯૩	૧.૨૫	૬૦૬

ઉપરોક્ત વિગતવાળી જમીન નરસિંહભાઈ બાલુભાઈ પટેલ નાઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. જે જમીન તેમની પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો ગણોત હકક કે લેણુ, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હીત, અધિકાર હોય તો તેમણે આજદિનથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨૦-૦૮-૨૦૨૬

મારી મારફત, **દિપાલી આર. પટેલ** (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

PUBLIC NOTICE

The public to take note that AMINBHAI HOLIYABHAI PATEL, aged about- 65 Years, Resident of Masat, Kathiyapada, Silvassa, U.T. of Dadra and Nagar Haveli. has agreed to sell, transfer and assign his below mentioned landed property to my client with all rights, title and interest connected with the said land/property, free from all encumbrances, claims and demands. All persons having any claim /claims against into or upon the above said land/property or any part thereof by way of sale, inheritance, agreement, contract, mortgage, possession, gift, easementary right, right of way, lease, lien, charge, trust, maintenance, bequeath etc. or otherwise whatsoever, are hereby required to file their written objections alongwith the supporting relevant documents to the undersigned within 15 (Fifteen) days from the date of publications of this notice, failing which the claim/claims if any, shall be deemed to have been waived and/or abandoned forever and the sale shall be completed in favour of my client/Purchaser.

The details of the properties are as under:

All that piece and parcel of the Non-agricultural land bearing New Survey No. 497/1 Old Survey No. 80/1/2/1 admeasuring 2000 Sq. Mtrs. situated at village Masat, in the U.T. of Dadra and Nagar Haveli & D.D. for Industrial Purpose;

Under my Instruction
(AMINBHAI HOLIYABHAI PATEL)

(Pankajkumar N. Bhandari)
Advocate for the Client

Shop No.01 &amp; 02, Gokul Darshan Building- A, Tokarkhada, Silvassa-396230. U.T. Dadra & Nagar Haveli. Mobile: 9824598665

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

બેંક ઓફ બરોડા, રીકવરી શાખા
મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, તિથલ રોડ, વલસાડ,
ઈ-મેલ : recovery.bulsar@bankofbaroda.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આશ્રય વિના"**ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાનો પ્રકાર	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	ROSARB 9924290330	**મેસર્સ શ્રી સાંઈ કુલ ઝોન** વલસાડ પારડી ટેકરા ફળિયા, વલસાડ ૩૯૬૦૦૧ **શ્રી મહેન્દ્ર ચંદ્રકાંત ગોસ્વામી** વલસાડ પારડી ટેકરા ફળિયા, વલસાડ ૩૯૬૦૦૧	મિલકતના તમામ પીસ અને પાર્સલ જે ગામતળ જમીનનો સિટી સર્વે નં. ૧૬નું ક્ષેત્રફળ ૧૫૨.૧૭.૫૬ ચો.મી. જે મોજે ટેકરા ફળિયા, વલસાડ પારડી, વલસાડ જે વલસાડ મ્યુનિસિપાલિટીની હદમાં આવેલ તાલુકો અને જિલ્લો વલસાડ છે.જે મહેન્દ્ર ચંદ્રકાંત ગોસ્વામીના નામે સ્થિત છે. જેની ચતુર્સીમા નીચે મુજબ છે. પૂર્વઃ નિરૂભાઈ જોગીભાઈની મિલકત, પશ્ચિમઃ નિરૂભાઈ જોગીભાઈની મિલકત ઉત્તરઃ ખુલ્લો રસ્તો દક્ષિણઃ વલ્લભભાઈ એન્જિનિયરની જમીન **(સાંકેતિક કબજો)**	રૂા. ૧,૨૦,૫૬,૨૭૮.૨૦ ૧૫.૦૮.૨૦૨૬ મુજબ	૧. રૂા. ૪૧,૨૭,૦૦૦.૦૦/- ૨. રૂા. ૪,૧૨,૭૦૦/- ૩. રૂા. ૧૦૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
2			મિલકતના તમામ પીસ અને પાર્સલ જે ગામતળ જમીનનો સિટી સર્વે નં. ૧૫નું ક્ષેત્રફળ ૧૨૫.૪૧.૯૫ ચો.મી. ખુલ્લો કોમર્શિયલ જમીન અને ગામતળ જમીનનો સિટી સર્વે નં. ૩૧/એનું ક્ષેત્રફળ ૧૯.૨૬.૦૯ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૧૪૪.૬૮.૦૪ ચો.મી. મોજે ટેકરા ફળિયા, વલસાડ પારડી મ્યુનિસિપલની હદમાં આવેલ છે. જે શ્રી મહેન્દ્ર ચંદ્રકાંત ગોસ્વામીના નામ છે. જેની ચતુર્સીમા નીચે મુજબ છે. પૂર્વઃ સિટી સર્વે નં. ૧૬ પશ્ચિમઃ સિટી સર્વે નં. ૩૧-એ ઉત્તરઃ સરકારી માર્ગ, દક્ષિણઃ સર્વે નં. ૧૯૦ મહેન્દ્રભાઈ પટેલની મિલકત **(સાંકેતિક કબજો)**		૧. રૂા. ૩૫,૫૫,૦૦૦.૦૦/- ૨. રૂા. ૩,૫૫,૫૦૦/- ૩. રૂા. ૧૦૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
3	તિથલ રોડ 9687680770	**મેસર્સ કનેરિયા ઇન્ફ્રાટેક લિમિટેડ** ૮૦૨-એ, અમરધામ એપાર્ટમેન્ટ, તિથલ રોડ, વલસાડ - ૩૯૬૦૦૧ **જામીનદાર/ગીરો : શ્રી દિલીપ મગનભાઈ કનેરિયા** ૮૦૨-એ, અમરધામ એપાર્ટમેન્ટ, તિથલ રોડ, વલસાડ - ૩૯૬૦૦૧ **શ્રીમતી દર્શના ઠાકોરભાઈ દેસાઈ** ૧૦૧, ધવલ એપાર્ટમેન્ટ, તિથલ રોડ, વલસાડ - ૩૯૬૦૦૧ **જામીનદારઃ શ્રીમતી રમાબેન મગનભાઈ કનેરીયા** ૮૦૨-એ, અમરધામ એપાર્ટમેન્ટ, તિથલ રોડ, વલસાડ - ૩૯૬૦૦૧ **શ્રી મગનભાઈ ગોકલભાઈ કનેરીયા** ૮૦૨-એ, અમરધામ એપાર્ટમેન્ટ, તિથલ રોડ, વલસાડ - ૩૯૬૦૦૧	ઔદ્યોગિક એન.એ. જમીન અને મકાનનો તે તમામ ભાગ અને પ્લોટ જે સમ્રાટ હોટેલ તરીકે ઓળખાય છે, જે ઔદ્યોગિક એન.એ. જમીન પર બાંધવામાં આવ્યો છે, જેમાં સર્વે સર્વે/બ્લોક નં. ૬૧/પી/૨ અને ખાતા નં. ૫૫૫નો સમાવેશ થાય છે, જેની જમીન ૫૮૬૮ ચોરસ મીટર છે અને હોટેલનો બાંધકામ વિસ્તાર ૨૩૨.૩૪ ચોરસ મીટર છે. અને બાકીની જમીન ખુલ્લી જમીન છે જે ચિખલા, તાલુકા અને જિલ્લા વલસાડની ગ્રામ પંચાયત હદમાં આવેલી છે અને શ્રી દિલીપભાઈ મગનભાઈ કનેરિયાની માલિકીની છે અને નીચે મુજબ સીમા ધરાવે છેઃ પૂર્વ- સર્વે નં. ૬૦; પશ્ચિમ- ઉત્તર-એન.એચ. નં. ૦૮; ઉત્તર- સર્વે નં. ૬૧/પી૧; દક્ષિણ-સર્વે નં. ૫૯; **(સાંકેતિક કબજો)**	રૂા. ૭૬,૮૬,૩૧૩,૯૦ ૧૫.૦૮.૨૦૨૬ મુજબ	૧. રૂા. ૪,૪૦,૦૦,૦૦૦.૦૦/- ૨. રૂા. ૪૪,૦૦,૦૦૦/- ૩. રૂા. ૫૦૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
4	વલવાડા 9687680776	**પરીન અનિલભાઈ દેસાઈ** **શ્રીમતી રચનાબેન પરીન દેસાઈ** મુ. પોસ્ટ વલવાડા, વાણિયાવાડ, તાલુકો ઉમરગામ, જીલ્લો વલસાડ ૩૯૬૧૯૧	રહેણાંક ફ્લેટ નં. ડી ૨૦૪, આશરે ૮૩૭.૦૦ ચોરસ ફૂટ એલ.ઈ. ૭૭.૭૮ ચોરસ મીટર બિલ્ડ અપ એરિયા અને ૧૦.૦૦ ચોરસ મીટર જમીનમાં અવિભાજિત હિસ્સો ધરાવતો, "રાજમોતી કોમ્પ્લેક્સ" તરીકે ઓળખાતી "ડી" ઇમારતના બીજા માળે સ્થિત, જે એનએ જમીન ધરાવતા સર્વે નં. ૩૨૮ પૈકી પર બાંધવામાં આવ્યો છે, કુલ ૮૦૯૪ ચોરસ મીટર જમીનમાંથી આશરે ૪૭૩૭.૦૦ ચોરસ મીટર જમીનનો સમાવેશ થાય છે, જે વાપી નગરપાલિક વાપી જિલ્લા વલસાડ, ગુજરાત રાજ્યની હદમાં આવેલો છે. શ્રી પરિન અનિલભાઈ દેસાઈ અને રચનાબેન પરિન દેસાઈના નામે મિલકત **(સાંકેતિક કબજો)**	રૂા. ૧૧,૮૭,૦૩૭,૧૬ ૧૫.૦૮.૨૦૨૬ મુજબ	૧. રૂા. ૨૪,૮૪,૦૦૦/- ૨. રૂા. ૨,૪૮,૪૦૦/- ૩. રૂા. ૧૦૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)

એ) મિલકત સાંકેતીક કબજામાં છે અને બોલી લગાવનાર તેના/પોતાના જોખમ અને જવાબદારી સાથે સાંકેતીક કબજામાં મિલકત ખરીદે છે.
બી) બેંક સાંકેતીક રીતે જ મિલકતનો કબજો સુપરત કરશે અને હરાજીમાં બોલી લગાવનાર/ખરીદનાર સફળ બેંક પાસેથી પ્રત્યક્ષ કબજાનો દાવો નહીં કરે.
સી) પ્રત્યક્ષ કબજો સુપરત કરવા માટે બેંક જવાબદાર કે ફરજ પર બંધાયેલી રહેશે નહીં.
ડી) સફળ હરાજી ખરીદનાર નાણાં પરત કરવાના કોઈ પણ સંજોગોમાં કોઈ પણ વ્યાજનો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.
ઇ) સફળ હરાજી ખરીદનારે ઇ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની પુષ્ટિ કરતું જાહેરનામું સાથે અંડરટેકિંગ સુપરત કરવાનું રહેશે.
એફ) વેચાણ પછી જો સફળ બિડર ડિક્લેરેશન સાથે અન્ડરટેકિંગ મોકલવામાં નિષ્ફળ જાય છે, તો બિડ ઇએમડીની રકમ જપ્ત કરવામાં આવશે.
જી) ઇચ્છુક ખરીદદારે બેંક ફોર્મેટ (પ્રતીકાત્મક કબજાના આધારે વેચાણના કિસ્સામાં) મુજબ યોગ્ય સ્ટેમ્પ્ડ અને નોટરાઈઝ્ડ એક અન્ડરટેકિંગ રજૂ કરવાનું રહેશે.
(જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી કાયદા પ્રમાણે લાગુ પડતું જીએસટી/ટીડીએસ ખરીદનારે ચૂકવવા પાત્ર છે.)

• ઈ-હરાજીની તારીખ : ૨૩.૦૯.૨૦૨૬ • ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી (ફક્ત ૧૫ દિવસ માટે)

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://bankofbaroda.bank.in/e-auction અને https://baanknet.com માં આપેલ લિંક જોવા વિનંતી છે. ભાવી બીડરો અધિકૃત અધિકારી **ફોન નં.૦૨૬૩૨-૨૪૧૪૫૪** નો સંપર્ક કરી શકશે.

તારીખ : ૨૦.૦૮.૨૦૨૬
સ્થળ : વલસાડ

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી,
બેંક ઓફ બરોડા